ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# પેથાપુરમાં તરછોડાયેલ બાળકનો પિતા પકડાયો

**પેથાપુર ગૌ શાળા પાસે પિતા સચિન બાળકને મુકીને ગયો હતો, ૧૮ કલાકની મહેનત બાદ પોલીસની ટીમને સફળતા મળી, બાળક સચિનની પત્નીનું નથી**







ગાંધીનગર, તા.૯ ફોટા પેથાપુર ગૌ શાળા પાસેથી ગતરાત્રીના સુમારે તરછોડાયેલ બાળક મળી આવતા પેથાપુરમાં ચકચાર મચી જવા પામી હતી. બાળક મુકીને ફરાર થઈ જવાની ઘટનાને પગલે ગાંધીનગર પોલીસની વિવિધ ટીમોએ તપાસનો ધમધમાટ શરુ કરી દીધો હતો. ત્યારે ૧૮ કલાકની ભારે મહેનત બાદ પોલીસની ટીમની તપાસમાં મોટો ખુલાસો થયો હતો. આ બનાવ અંગે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પ્રેસ કોન્ફરન્સ માં જણાવ્યું કે બાળકના માતા-પિતાને શોધવા માટે પોલીસ વિભાગની ૧૪ ટીમો વિવિધ દીશામાં કામે લાગી હતી. પોલીસે સીસીટીવી કેમેરા અને મોનીટરીંગ કરી સફેદ કલરની સેન્ટ્રો અને નંબરના આધારે ઘર સુધી પહોંચવામાં પોલીસને સફળતા મળી હતી. પિતા સચિન બાળકને મુકીને રાજસ્થાન ભાગી ગયો હતો. ત્યારે સચિન ગાંધીનગર પહોંચ્યા બાદ સમગ્ર મામલો સામે આવશે.

રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે બાળકનું નામ શિવાંશ છે અને તે ૮ થી ૧૦ માસનો છે.બાળક સચિનના પત્નિનું નથી. રાજસ્થાન થી ગાંધીનગર સચિનને લાવ્યા બાદ સમગ્ર મામલો સામે આવશે. જયારે સચિન વડોદરાની ઓઝોન કંપનીમાં ફરજ બજાવે છે. શિવાંશને દત્તક લેવા માટે રાજયભરમાંથી ૧૯૦ જેટલા પરિવારોએ તૈયારી દર્શાવી છે. ગાંધીનગર મહાનગર વોર્ડ નં.૨ ના કોર્પોરેટર દિપ્તીબેન પટેલ માતા યશોદા બની બાળકનું ધ્યાન રાખ્યું છે. પોલીસ મિડીયા સાથે પેથાપુરના સ્થાનિક નાગરીકો પણ તપાસમાં જોડાયા હતા. જયારે પોલીસની ૧૪ થી વધુ ટીમો સતત ૧૮ કલાક મહેનત કરી સફળતા મેળવતા ગૃહમંત્રીએ તેઓને પણ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ડી.૩૫ ગ્રીનસીટી ખાતે રહેતા સચિન નંદકિશોર દિક્ષિત મુળ ઉતરપ્રદેશના લખનઉંનો વતની છે. વડોદરાની ઓઝોન કંપનીમાં આસિસટન્ટ મેનેજર તરીકેની પોસ્ટ પર ફરજ બજાવે છે. બાળકને પેથાપુર ગૌ શાળા પાસે મુકીને તે રાજસ્થાન ભાગી ગયો હતો. ત્યારે રાજસ્થાનના કોટામાંથી પોલીસે તેને પકડી પાડ્યો હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીનગર એલસીબી, એસઓજી, મહિલા ટીમ સ્થાનિક પોલીસ, એફ,એફ, ડબલ્યુ, સીઆઈડી ક્રાઈમ મહિલા ટીમ સહિત અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી.

જયારે મળતી વિગત મુજબ સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે સચિન દીક્ષિત તેના માતા-પિતા અને પત્ની તેમજ બાળક સાથે રહે છે. જયારે ગતરાત્રી બાદ પરિવારના સભ્યો ઘરને તાળુ મારીને જતા રહ્યા છે. જયારે કાર પોલીસને મળી આવી છે. પેથાપુર ગૌ શાળા પાસે તરછોડી દેનાર બાળકના માતા-પિતાની શોધખોળ માટે પોલીસની ટીમ બાળકના ફોટા સાથે ગામડાઓ પણ ખુંદી વળી હતી. રાજયમાં મિસીગ બાળકોની માહિતી એકઠી કરવા માટે પણ બે ટીમ કામે લાગી હતી. જયારે અન્ય રાજમાં મલી આવેલા બાળકોની મિસીંગ કમ્પ્લેન નોંધાઈ છે કે નહી તેની પણ તપાસ હાથ ધરાઈ હતી.

ગાંધીનગરના પેથાપુર સ્વામીનારાયણ ગૌ શાળા પાસે ખેતીકામ કરતા વ્યકિતને બાળકના રડવાનો અવાજ આવ્યો હતો. જેથી તે દરવાજા તરફ આવ્યો હતો ત્યારે બાળક રડતુ હતું. બાળકને તેડીને સેવકે આસપાસના વિસ્તારમાં તપાસ શરુ કરી હતી. પરંતુ બાળકના માતા-પિતા ન મળી આવતા આખરે તેણે સ્વામીજીને જાણ કરી હતી. ત્યારબાદ પેથાપુર પોલીસને જાણ કરતા પોલીસનો કાફલો ઘટના સ્થળે આવી ગયો હતો. જયારે પોલીસે સીસીટીવી ફુટેજ ચેક કરતા એક શખ્સ બાળકને મુકીને જતો નજરે પડે છે. જેથી પોલીસે રાતથી બાળકના માતા પિતાને શોધવા માટે કવાયત હાથ ધરી હતી.ત્યારે ૧૮ કલાક બાદ પોલીસને સફળતા મળી છે. ત્યારે રાજસ્થાનથી સચિન દિક્ષીતને ગાંધીનગર લાવ્યા બાદ જ સમગ્ર મામલે પડદો ઉંચકાશે.

## પેથાપુરના કોર્પોરેટર દિપ્તીબેન પટેલ માતા યશોદા બન્યા



પેથાપુર ગૌ શાળામાંથી તરછોડાયેલ બાળક મળી આવ્યું છે તેવી ખબર ભાજપના કોર્પોરેટર દિપ્તીબેન પટેલને મળતા તાત્કાલીક ગૌ શાળા ખાતે પહોંચી ગયા હતા. દિપ્તીબેને બાળકનું સતત ધ્યાન રાખ્યું હતું. તેઓએ બાળકને રાત્રે દુધ અને ફ્રુટ ખવડાવ્યું હતું. જયારે બાળક પણ તેઓને જોઈ રમતો હતો. બાળક માટે તેઓ કપડા પણ લઈ આવ્યા હતા.જયારે સિવિલ ખાતે મેડીકલ તપાસ માટે લાવતા તેઓ સતત છેલ્લા ૨૦ કલાક થી બાળક જોડે હાજર રહીને માતા યશોદા બની બાળક પર હેત વરસાવ્યું હતું.

## સિવિલ ખાતે બાળકના વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા

પેથાપુર ગૌ શાળામાંથી મળી આવેલા બાળકને મેડીકલ તપાસ માટે પોલીસ તંત્ર દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે લાવવામાં આવ્યો હતો. ત્યારે બાળકના વિવિધ બ્લડ ટેસ્ટ, એકસ-રે, દાંતનો એકસ-રે, આરટી-પીસીઆર, અને ડીએનએ પરિક્ષણ માટે સેમ્પલ મોકલી આપવામાં આવ્યુ હતું. જયારે ગાંધીનગર સિવિલના પીડીયાટ્રીક વિભાગના ડો. એકતા દલાલે જણાવ્યું હતું કે બાળક ૭ થી ૯ મહિનાનું લાગી રહ્યું છે. બાળકના શરીર પર કોઈ ઈજાના નિશાન નથી. બાળકને કોઈ તકલીફ નથી તે સ્વસ્થ છે.

## શાબાશ પોલીસ... સલામ પોલીસ...

રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર રેન્જ આઈ.જી.પી. અભય ચુડાસમા, જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા અને ૧૪ થી વધુ ટીમોએ સતત ૧૮ કલાક નિરંતર કામગીરી કરીને બાળકના માતા-પિતાની શોધખોળ કરી તે બદલ તમામ પોલીલ જવાનોને અઢળક અભિનંદન...

## ઘટનાક્રમની સાથે સાથે...

- શાબાશ ગુજરાત પોલીસને... સલામ પોલીસ જવાનોને...મહેનત રંગ લાવી.
- પતિ-પત્નિ વચ્ચે ઝઘડાને પરિણામે બાળકને તરછોડ્યું.
- બાળકને તેના પિતા જ ગાડીમાં પેથાપુર ગૌ શાળા ખાતે મુકી ગયા હતા.
- બાળકના પિતા સચિન નંદકિશોર દિક્ષિત વડોદરા ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે.
- સેકટર-૨૬ ગ્રીનસીટી ડી.૩૫ ખાતે પરિવાર રહે છે.
- સચિનના માતા જીઆઈડીસી ખાતે ફરજ બજાવે છે.
- ગાંધીનગર મહાનગરના મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા સતત હાજર હતા.
- દિક્ષિત પરિવાર મુળ ઉતરપ્રદેશના લખનઉંનો વતની છે.
- સફેદ કલરની સેન્ટ્રો કાર નં. જી.જે.૦૧.કે.એલ.૭૩૬૩ પોલીસને મળી આવી.
- પોલીસે ૧૦૦ થી વધુ સીસીટીવી કેમેરા ચેક કર્યા.
- સફેદ કારના આધારે બાળકના પિતાની ઓળખ થઈ.
- ગાંધીનગર એલસીબી-એસઓજી ટીમને મળી સફળતા.
- મોબાઈલ લોકેશન અને સીસીટીવી ફુટેજને પગલે પોલીસને મહત્વની કડી મળી.
- રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સુરત ખાતેનો કાર્યક્રમ રદ કર્યો હતો.
- બાળકના કેસમાં ગૃહમંત્રી સતર્કતા રાખીને સતત મોનીટરીંગ કરતા હતા.
- ૨૦ કલાકથી પોલીસની ૮ ટીમો વિવિધ દિશામાં કામે લાગી હતી.
- તમામ પોલીસ જવાનોની મહેનત રંગ લાવી.
- પેથાપુર ગૌ શાળામાંથી બાળક સૌ પ્રથમ રમેશભાઈને મળી આવ્યું હતું, તેઓએ પોલીસને જાણ કરી હતી.
- પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલે ગાયનુ દુધ અને રમકડા લઈ આવ્યા હતા.
- સ્મિત માટે નવા કપડા પણ દિપ્તીબેન લાવ્યા હતા.
- મહિલા અને બાળ વિકાસ મંત્રીએ પણ ફોન કરીને સ્મિતના ખબર-અંતર પુછ્યા હતા.
- મહિલા અને બાળ વિકાસ આયોગના ચેરમેન જાગૃતિબેન પંડ્યાએ પણ સ્મિતની મુલાકાત લીધી હતી.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ડાયરેકટર પ્રકાશ સોલંકી પણ સિવિલ ખાતે આવી પહોંચ્યા હતા.
- ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ ટીમનો ધમધમાટ હતો.
- સિવિલના ડોકટર્સ તેમજ સ્ટાફ પણ ખડેપગે હાજર હતો
- બાળકનું નામ શિવાંશ છે, શિવાંશ સચિનની પત્નીનું બાળક નથી.
- સચિનને ગાંધીનગર લાવવામાં આવશે.
- ૧૯૦ પરિવારોએ બાળકને દત્તક લેવા સંપર્ક કર્યો

## સમાજ જીવનનો શરમજનક કિસ્સો ચિંતા ઉપજાવે છે

**સંસ્કૃતિ , સભ્યતા અને શિક્ષણના સહારે સુમેળ સાધતા દંપત્તિઓના જીવનને પણ દિશાશુન્ય કરી દેતી અમાનવીય હરકતોથી ભાવિ પેઢી સામે આંખ મિલાવાનુ મુશ્કેલ બનશે... શિક્ષિત ગાંધીનગર માટે લાલબત્તી સમાન કિસ્સો...**

ગાંધીનગર તા ૯

હાઈટેક વિકાસની દીશામાં હરણફાળ ભરતા ગાંધીનગરમાં સમાજજીવનને સ્પર્શતી અનેક સમસ્યાઓથી નગરજનો ગુંગળામણ અનુભવી રહ્યા છે. કોરોનાના કપરા કાળમાં જીવનશૈલી બદલાઈ ગઈ છે ત્યારે સમાજ જીવનમાં રોજબરોજ બનતી ઘટનાઓ પણ આમ નાગરિકોના માનસપટ પર ઉંડી અસર છોડી જાય છે. સ્માર્ટ બનવા તરફ આગળ વધતા શહેરના રહીશો શિક્ષિત છે. પરંતુ શિક્ષિત સમાજની ભીતરમાં અનેક દુવિધાઓ અને દુષણો પાંગરતા હોવાનો આક્રોશ પણ ચરમસીમાએ પહોંચ્યો છે. ધીરજ અને સહનશકિતના અભાવે પલે પલે તુટતા સંબંધોના લીધે સમાજ જીવનની તંદુરસ્તી જોખમાઈ છે. ઘર કંકાસ અને તુટતી સંયુક્ત કુંટુંબ વ્યવસ્થાએ સામાજિક તંદુરસ્તીને ખાઈમાં ધકેલી દીધી છે. એકબાજુ બેટી બચાવો .. અને કન્યા કેળવણી માટે સમાજને સતત જાગૃત કરવા પ્રયાસ થઈ રહ્યા છે. બીજીતરફ તરછોડવામાં આવતા નવજાત શિશુના કિસ્સાઓથી પણ ભદ્ર સમાજનુ મોં વંકાય છે. આવા સંજોગોમાં શિક્ષિત ગાંધીનગરને શર્મસાર કરી દેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જે સમાજ જીવન માટે લાલબત્તી સમાન છે. ગાંધીનગરની પાદરે નાના માસુમને તરછોડવાની શર્મજનક ઘટના સામે આવતા શિક્ષિત સમાજે આંચકો અનુભવ્યો છે. આઠ દસ મહીનાનુ માસુમ બાળક માં બાપના ખોળામાં ખિલખિલાટ કરવાના બદલે ગૌશાળા પાસે રખડતુ મુકી દેવાતા ગાંધીનગરના સમાજજીવને બહુ મોટો આંચકો અનુભવ્યો છે. બદલાતી જીવનશૈલી સાથે સ્ટ્રેસના પોટલા બાંધીને ગૃહસ્થ જીવન વેંઢારતા દંપતીઓમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ જોવા મળે છે. વિકાસના નવા આયામો વચ્ચે સોહામણા બનતા કથળતી સામાજિક વ્યવસ્થાના વિકરાળ દ્રશ્યોથી સૌ કોઈ આઘાતની લાગણી અનુભવી રહ્યા છે. સહનશીલતાના અભાવ વચ્ચે આત્મહત્યાના બનાવો પણ ચિંતાજનક અને ચેલેન્જરૂપ બન્યુ છે. એકમેક માટે જતુ કરવાની ભાવનાનો છેદ ઉડી ગયો છે અપેક્ષા અને ઉપેક્ષાની પર્ણોજણમાં પલમાં તુટતા લગ્નજીવનના લીધે ભાવિ પેઢીનુ અસ્તિત્વ પણ અંધકારમાં ગરકાવ થઈ રહ્યુ છે. હાઈટેક અને સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં ટેકનોક્રેટ બનતી યુવાપેઢી ટચ સ્કીનના કલ્ચરમાં ટચી ..થઈ ગઈ છે. ટકોરવાથી કે ટપારવાથી પણ છંછેડાઈ જાય છે. સતત મોબાઈલમાં ડોકીયુ કરતી જનરેશન સામે પણ અનેક સવાલો મંડરાય છે. બીજીતરફ આધુનિક જીવનશૈલી અપનાવી પલવારમાં ગુમરાહ થતા આજના દંપત્તીઓના સંબંધો પણ તણાવગ્રસ્ત તાંતણે બંધાયેલા છે. જેના લીધે તેમના ગોદમાં પાંગરતી ભાવિ પેઢીના અસ્તિત્વ સામે પણ અંધકાર છવાયેલો હોવાનો આક્રોશ પણ વડીલો ઠાલવી રહ્યા છે. નાના માસુમને રસ્તે રઝડતા મુકી દેવાના પીડાદાયક દ્રશ્યો પણ કથળતી સમાજ વ્યવસ્થાનો અરીસો છે. જે ગાંધીનગર માટે અત્યંત શરમજનક બાબત છે. સ્માર્ટ બનવાની લ્હાયમાં ટેકનોલોજીના સહારે આગેકુચ કરતા શિક્ષિત સમાજના સભ્યો જાણે ભણેલા જ છે પરંતુ ગણેલા નથી તેનો અભાવ પણ સતત ખુંચી રહ્યો છે. વિશ્વાસ અને વફાદારીના અભાવ વચ્ચે લગ્નજીવનમાં પણ વારંવાર ઉદભવતા ખટરાગથી માસુમ ભુલકાઓને સજા ભોગવવાનો વારો આવે છે. લગ્નજીવનની આડમાં પાંગરતા પ્રણય ત્રિકોણના લીધે પણ સામાજિક

સમયસર

● અનુસંધાન પાન-૭ પર

## ગૃહ રાજયમંત્રીએ માસૂમ બાળકને મનભરી રમાડયું

**સમગ્ર દેશના તમામ રાજયની પોલીસને આ અંગે જાણ કરાઇ : આ બાળકના માતા-પિતા અને મૂકી જનારને શોધવા માટે સાત ટીમ બનાવવામાં આવી : માસૂમ બાળકના સ્મિતને જોઇને માતા જશોદા બનેલા દિપ્તીબેન અને સિવીલ હોસ્પિટલના કર્મીઓએ બાળકનું નામ 'સ્મિત' રાખ્યુ**

ગાંધીનગર, તા. ૯

રાજયના પાટનગર ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામની ગૌ શાળાની બહારથી ગઈકાલે રાત્રિના સુમારે એક ધ્યાનકર્ષિત માસૂમ બાળક મળી આવ્યું હતું. ગાંધીનગર સહિત રાજયભરમાં લોકમુખે બાળકની ચર્ચા ગઈકાલ રાતથી જ થઈ રહી છે. આજરોજ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર સીવિલમાં બાળકની મુલાકાત લીધી હતી. બાળકને વાહલ કરી મનભરી રમાડયું હતું.



ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રિના ૯.૧૦ થી ૯.૨૦ના સુમારે આ સ્વીટહાર્ટ સમા બાળકને કોઈ વ્યક્તિ પેથાપુર ગામની ગૌશાળાની બહાર મૂકી ચાલી નીકળ્યો હતો. આ બાળકને મચ્છર કરડતા તેનો રૂદનનો અવાજ આવતાં આસપાસના નાગરિકો અને ગૌ શાળામાં રહેતા વ્યક્તિઓ બહાર આવી ગયા હતા. આ બાળક અંગેની જાણ ગાંધીનગર જિલ્લા પોલીસને કરી હતી. આ જાણ થતાં જ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડા સહિત પોલીસ કર્મીઓ ગૌ શાળા ખાતે પહોંચી ગયા હતા.

વધુમાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે બાળકના માતા-પિતાને શોધવા અને કોણ તેને અહીં મૂકી ગયું છે, તેની તપાસ માટે કુલ સાત પોલીસ ટીમ બનાવવામાં આવી છે. તેમજ ગઈકાલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને પણ આ અંગેની તપાસ કરવાનું કહેવામાં આવ્યું છે. સમગ્ર હોસ્પિટલમાં વાલસોયા બાળકનું સ્મિત જોઈને માતા જશોદાની ભૂમિકા અદા કરતા ગાંધીનગર કોર્પોરેટર દિપ્તીબેન અને સહિત સિવીલ હોસ્પિટલના સ્ટાફે તેનું નામ 'સ્મિત' રાખ્યું છે.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંધવીએ નવયુવાન અને સર્વે ગુજરાતીઓને સોશ્યિલ મીડિયાના માધ્યમ થકી વધુને વધુ આ સમાચાર શેર કરવાની અપીલ કરી છે. તેમજ આ બાળક અંગેની કોઈ માહિતી મળે તો ગાંધીનગર પોલીસનો સંપર્ક કરવા પણ જણાવ્યું છે.

ગૃહ રાજય મંત્રીએ માસૂમ બાળકને તેડીને રમાડયું હતું તેમજ તેની સારવારમાં શું શું કરવામાં આવ્યું છે. બાળકની તંદુરસ્તી અને તેના રિપોર્ટ અંગેની માહિતી પણ ડૉકટર સાથે વાતચીત કરી મેળવી હતી.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ જણાવ્યું છે કે આ બાળકને મૂકી જનાર અને તેના માતા-પિતાને શોધવા માટે સાત ટીમો બનાવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં કોરોના વેક્સિનનો બીજો ડોઝ લેનારાની સંખ્યા ૬ લાખને પાર થશે

**શહેરમાં ૧,૯૬,૧૨૫ અને ગ્રામ્યમાં ૩,૯૯,૫૦૦ને વેક્સિનના બન્ને ડોઝ અપાયા છે : આજે વેક્સિનેશનનું મહા અભિયાન**

ગાંધીનગર, તા. ૯

કોરોના પ્રતિકાર માટે આજે શહેર-જિલ્લામાં વેક્સિનેશનનું મહા અભિયાન યોજાશે. શહેર-જિલ્લામાં મળી ૨૦૦ થી વધુ સેશન સાઈટો પર આ મહા અભિયાન યોજાશે.

કોરોના પ્રતિકાર માટે ચાલી રહેલ વેક્સિનેશન અભિયાનને વેગીલુ બનાવવા માટે આ બીજીવાર મહા અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ ૧૭મી સપ્ટેમ્બરના રોજ વેક્સિનેશનનું મહા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ દિવસે જિલ્લા અને શહેરમાં થઈ ૫૫ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં વેક્સિનેશનના આ બીજા અભિયાન માટે ૩૦ સેશન સાઈટ નિયત કરવામાં આવી છે. જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૫ થી વધુ સેશન સાઈટ નિયત કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વેક્સિનના બીજા ડોઝ માટે લાભાર્થીઓ અત્યારે આવી રહ્યા છે. મતદારયાદી પ્રમાણે શહેર જિલ્લામાં ૯૫ ટકાથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં વેક્સિનેશન અભિયાનમાં ૩,૫૬,૧૯૪ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧,૯૬,૧૨૫ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે. આજે વેક્સિનના બન્ને ડોઝ લેનારાઓની સંખ્યા બે લાખના આંકને પાર કરી જશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનનો ૭,૯૮,૬૩૦ લોકોને પ્રથમ ડોઝ અને ૩,૯૯,૫૦૦ને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ વેક્સિનના બન્ને ડોઝ લેનારની સંખ્યા ૪ લાખને પાર કરી જશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં આજે મહા અભિયાન દરમ્યાન ૬ લાખથી વધુ લોકોને વેક્સિનના બન્ને ડોઝ મળી જતાં ૫૦ ટકા જેટલા લોકોનું વેક્સિનેશન પૂર્ણ થશે. આ મતદારયાદી પ્રમાણે જેમનુ વેક્સિનેશન થશે તે છે.

આજે શહેર અને જિલ્લામાં ૭૪૦૦ થી વધુ લોકોને આ અભિયાનમાં આવરી લેવાયા છે. જિલ્લામાં ૪૬૧૮ અને શહેરમાં ૨૮૭૩ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

વેચવાની છે
૧૧,૦૦૦ ચો.ફૂટ જગ્યા
વિશાળ શૉ-રૂમ, હૉસ્પિટલ, જીમ તથા પી.જી. લાયક, ચોથો માળ, સાર્થક ફોર્ચ્યુન મોલ, સીટી પલ્સ સિનેમા પાસે, રાંદેસણ રોડ, ગાંધીનગર
મો. ૯૮૨૫૪ ૨૦૦૬૨
મો. ૯૧૭૩૨ ૯૬૨૬૫

પરંપરા ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ
ક-૭ સર્કલથી રાંધેજા ચોકડી પહેલા, ટાટા મોટર્સની સામે, ગાંધીનગર
પાર્ટી પ્લોટ, રૂમો, ડેકોરેશન સાથે
૩૦૦૦ વ્યક્તિનાં ફંકશનની ઈવેન્ટ માટે
સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ
Mo. 7359800880, 9824267535, 9427487999

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ભવન
શ્રી સોમનાથ મહાદેવજી મંદિર, સે.૧૬, ગાંધીનગર
AC હોલ, રૂમો, ઓપન ગ્રાઉન્ડ, ડેકોરેશન, કેટરીંગ, લાઈટીંગ સાથે ૧૦૦૦ વ્યક્તિનાં ફંકશનનું પેકેજ ઉપલબ્ધ
સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ
Mo. 9824513595, 9409146143

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com